
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC


CURRENT AFFAIRS

WEEK 31 (31/07/22 to 06/08/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)









JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**31 JULY-2022**

- યુરોપના દેશોમાં હીટવેવ (Heat Waves)નો હાહાકાર ... 02
- Henley Passport Index- 2022 ... 03
- રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બિલ, 2021 ... 04
- QUESTION ANSWERS ... 07

**01 AUG-2022**

- દિવસ મહિમા : 01 ઓગસ્ટ, ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર, 'ફ્રેન્ડશિપ ડે', મુસ્લિમ મહિલા અધિકાર દિવસ (Muslim Women Rights Day) ... 08
- 1 થી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ ... 08
- ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-2027 ... 09
- પેરિસ ઓલિમ્પિક 2021માં 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કરવામાં આવશે. ... 10
- QUESTION ANSWERS ... 11

**02 AUG-2022**

- ઝિમ્બાબ્વેએ ફુગાવાને કાબૂમાં લેવા માટે સોનાનો સિક્કો લોન્ચ કર્યો ... 12
- અભ્યાસ Ex VINBAX 2022 : ભારત-વિયેતનામ ... 13
- મિગ - 21 ક્રેશ (Mig - 21) ... 13
- QUESTION ANSWERS ... 15

**03 AUG-2022**

- Financial Inclusion Index : RBI ... 16
- આલ્ફાફોલ્ડ : પ્રોટીન સ્ટ્રક્ચરની આગાહી કરવા સક્ષમ સાધન વિકસિત થયું ... 17
- QUESTION ANSWERS ... 19

**04 AUG-2022**

- Wildlife (Protection) Amendment Bill, 2021 ... 20
- સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 ... 23
- QUESTION ANSWERS ... 25

**05 AUG-2022**

- ભારતના નવા CVC તરીકે શ્રી સુરેશ એન પટેલની નિમણૂક ... 26
- ભારતમાં ફરી નવી 10 રામસર સાઈટ્સ ... 27
- શ્રી ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર શ્રી મહેન્દ્ર મેઘાણીનું નિધન ... 29
- QUESTION ANSWERS ... 31

**06 AUG-2022**

- દિવસ મહિમા : 06 જુલાઈ, હિરોશિમા દિવસ (Hiroshima Day) ... 32
- એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM) ... 32
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીમદ રાજચંદ્ર મિશનની યોજનાઓનો શિલાયન્સ કર્યો ... 34
- QUESTION ANSWERS ... 35

**ONE LINER** ... 36

**QUESTION OF THIS WEEK** ... 40

## યુરોપના દેશોમાં હીટ વેવ (Heat Waves)નો હાહાકાર

તાજેતરમાં બ્રિટન, પોર્ટુગલ, સ્પેન, ફ્રાન્સ તથા પશ્ચિમી યુરોપીય દેશોમાં હીટવેવ (Heat Waves)ના કારણે અસંખ્ય લોકોના મૃત્યુ થયા છે.

- આ ઉપરાંત હીટ વેવના કારણે અનેક જંગલોમાં આગ લાગી હતી જેના કારણે હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યુ હતું.
- આ ઉપરાંત ચીનના ઘણા વિસ્તારોમાં પણ હીટ વેવ જોવા મળ્યો હતો.

### Heat Waves



હીટ વેવ અસામાન્ય રીતે ઉચ્ચ તાપમાનની એ સ્થિતિ છે. જ્યાં તાપમાન સામાન્ય કરતા વધારે રહે છે. આ સ્થિતિ બે દિવસથી વધુ સમય સુધી ચાલુ રહે છે.

- ગરમીના તરંગો ઉચ્ચ–ભેજ અને બિન–ભેજ બંને હોઈ શકે છે. અને તે મોટા વિસ્તારને આવરી લેવાની ક્ષમતા ધરાવે છે, તથા ભારે ગરમી મોટી સંખ્યામાં લોકોને અસર કરે છે.
- હીટ વેવ અથવા ગરમીનું મોજું માર્ચથી જૂન વચ્ચે રહે છે, પરંતુ કેટલીક વાર જુલાઈ સુધી લંબાય છે.
- ભારતમાં પણ ક્યારેક માર્ચ અને જૂન વચ્ચે હીટ વેવ જોવા મળે છે. જ્યારે સિઝનમાં કોઈ સ્થાન મહત્તમ (દિવસ) તાપમાન $40^0$Cને પાર કરે છે ત્યારે હવામાનશાસ્ત્રીઓ હીટ વેવની ઘટના જાહેર કરે છે.
- જ્યારે દિવસનું તાપમાન કોઈ સ્થળના સામાન્ય તાપમાન કરતા 4 થી 5 ડિગ્રી વધારે હોય ત્યારે તેને હીટ વેવ તરીકે જાહેર કરવામાં આવે છે.
- ઉદાહરણ તરીકે જો કોઈ સ્થાને આપેલ દિવસે સામાન્ય મહત્તમ તાપમાન 40 ડિગ્રી હોવું જોઈએ, પરંતુ તે 45 ડિગ્રી નોંધે છે. તો તે સ્થાન હીટ વેવનો અનુભવ કરી રહ્યું છે.
- છેલ્લા કેટલાંક દાયકાઓમાં સમુદ્રી વિસ્તારો સહીત અન્ય વિસ્તારોમાં તેનો પ્રભાવ 50% વધ્યો છે.

**નોંધ :** (1) હીટ વેવ ઉચ્ચ વાતાવરણીય દબાણની સિસ્ટમના કારણે થાય છે, જેમાં વાતાવરણના ઉપરના સ્તરોમાંથી હવા નીચે આવે છે અને ફરે છે, જેમ જેમ તે નીચે આવે છે તેમ તે સંકુચિત થાય છે અને તાપમાન વધે છે.

INSTITUTE FOR

## હીટ વેવની અસરો


હીટ વેવ અથવા ગરમીના મોજાની આરોગ્ય અસરોમાં સામાન્ય રીતે પાણીની ખોટ, ગરમીમાં ખેંચાણ અને થાક તથા હીટસ્ટ્રોકનો સમાવેશ થાય છે.

- ગરમીથી થતું ખેંચાણ (Heat Cramps) તેના લક્ષણોમાં $39^0$C (એટલે કે $102^0$F) કરતા ઓછા હળવા તાવ સાથે સોજો આવે છે અને વ્યક્તિ બેહોશ થાય છે.
- ગરમીનો થાક (Heat Exhaustion)–થાક, નબળાઈ, ચક્કર, માથાનો દુખાવો, ઉલટી, સ્નાયુઓમાં તણાવ અને પરસેવો જેવા તેના કેટલાક લક્ષણો છે.
- હીટ સ્ટ્રોક– આ સંભવિત જીવલેણ સ્થિતિ છે. જ્યારે શરીરનું તાપમાન $40^0$C ($104^0$F) અથવા વધુ સુધી વધે છે, ત્યારે વ્યક્તિ બેભાન થઈ શકે છે અથવા વ્યક્તિ કોમામાં પણ જઈ શકે છે.
- અસાધારણ ગરમ તાપમાન દુષ્કાળ જેવી સ્થિતિનું કારણ બને છે. તે વનસ્પતિમાંથી ભેજનું પ્રમાણ પણ દૂર કરે છે.
- હીટવેવના કારણે એરક્રાફટની કામગીરીમાં પણ ઘટાડો થાય છે.
- આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે ઘણી અસર થાય છે.
- અતિશય ગરમીથી પાકને પણ નુકસાન થાય છે, વનસ્પતિ સુકાય જાય છે અને પરિણામે દુષ્કાળ પડે છે. અતિશય ગરમીના કારણે ઘણીવાર મનુષ્ય અને અન્ય પ્રાણીઓના પણ મૃત્યુ થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Henley Passport Index- 2022

Henley & Partners દ્વારા જુલાઈ, 2022 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2022ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 87માં ક્રમે છે.




- આ અગાઉ જાન્યુઆરી 2022માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 83માં ક્રમે હતું.
- જુલાઈ 2022ના આ ઈન્ડેક્સમાં મોરિટાનિયા (Mauritania) અને તાજિકિસ્તાન પણ ભારત સાથે 87માં ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં જાપાન પ્રથમે છે.
- ત્યારબાદ દક્ષિણ કોરિયા અને સિંગાપોર બીજા ક્રમે છે.
- જાપાનનો પાસપોર્ટ 193 દેશોમાં વિઝા વિના પ્રવેશની મંજૂરી આપે છે. જ્યારે સિંગાપોર અને દક્ષિણ કોરિયાના પાસપોર્ટ 192 દેશોમાં વિઝા વિના પ્રવેશની મંજૂરી આપે છે.
- આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેક્સમાં અંતિમ 112માં ક્રમે છે.

## Henley Passport Index 2022 Rank

| Rank | Passport/Country | Score (અથવા કેટલા દેશમાં વિઝા ફ્રી પ્રવેશ) |
|---|---|---|
| 1 | જાપાન | 193 |
| 2 | સિંગાપોર, દ.કોરિયા | 192 |
| 3 | જર્મની, સ્પેન | 190 |
| 87 | ભારત, મોરિટાનિયા, તાજિકિસ્તાન | 60 |
| 99 | મ્યાનમાર | 47 |
| 103 | લેબનોન, શ્રીલંકા, સુદાન | 42 |
| 104 | બાંગ્લાદેશ | 41 |
| 109 | પાકિસ્તાન | 32 |
| 112 | અફઘાનિસ્તાન | 27 |

નોંધ : (1) જાન્યુઆરી, 2022 પહેલા ભારત 58 દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ ધરાવતુ હતું. ત્યારબાદ ઓમાન અને આર્મોનિયા દેશનો સમાવેશ થતા હવે ભારત 60 દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ ધરાવે છે.

(2) 'હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ' એ વિશ્વના તમામ પાસપોર્ટની મૂળભૂત રેન્કિંગ છે, જે દર્શાવે છે કે કોઈ ચોક્કસ દેશમાંથી પાસપોર્ટ ધારક અગાઉના વિઝા વિના કેટલા દેશોમાં મુસાફરી કરી શકે છે.

(3) આ ઈન્ડેક્સની સ્થાપના મૂળરૂપે ડો. ક્રિશ્ચિયન એચ કેલિન દ્વારા કરવામાં આવી હતી.

(4) વર્ષ 2006માં તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સ 199 પાસપોર્ટની રેન્કિંગ પ્રદાન કરે છે. આ ઈન્ડેક્સ ત્રિમાસિક અપડેટ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બિલ, 2021

તાજેતરમાં લોકસભાએ 'રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બિલ, 2021' (National Anti-Doping Bill, 2021) પસાર કર્યુ હતું.

- જે નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) માટે વૈધાનિક માળખુ બનાવવા માગે છે.
- તે સૌપ્રથમવાર ડિસેમ્બર, 2021માં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવ્યુ હતું.
- આ બિલ રમતવીરોના હિતોનું રક્ષણ કરશે કારણ કે તે તેમનો કેસ રજૂ કરવા માટે પૂરતી જગ્યા આપશે, ખાસ કરીને જ્યારે તેઓ એન્ટી ડોપિંગ આરોપોનો સામનો કરી રહ્યા હોય.

## ડોપિંગ એટલે શું ?

ડોપિંગ એટલે કે એથ્લેટ્સ દ્વારા પ્રદર્શનને વધારવા માટે અમુક પ્રતિબંધિત પદાર્થોનું સેવન કરવું.

## બિલની મુખ્ય વિશેષતાઓ

## ડોપિંગ પ્રતિબંધ

- આ બિલ એથ્લેટ્સ, રમતવીર, સહાયક કર્મચારીઓ અને અન્ય વ્યક્તિઓને રમતમાં ડોપિંગમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકે છે.

## ઉલ્લંઘનના પરિણામો

- ડોપિંગ વિરોધી નિયમના ઉલ્લંઘનના કારણે મેડલ, પોઈન્ટ અને ઈનામો જપ્ત કરવા, ચોક્કસ સમયગાળા માટે કોઈપણ સ્પર્ધા અથવા ઈવેન્ટમાં ભાગ લેવા માટે અયોગ્યતા, નાણાકીય પ્રતિબંધો વગેરે સહિત રમતવીરની ગેરલાયકાત થઈ શકે છે.

## રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી માટે વૈધાનિક સમર્થન

આ બિલ ડોપિંગ વિરોધી એજન્સીના બંધારણ માટે એક વૈધાનિક સંસ્થા તરીકે જોગવાઈ કરે છે.

- તેનું નેતૃત્વ કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત ડાયરેક્ટર જનરલ કરશે.
- એજન્સીના કાર્યોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(a) ડોપિંગ વિરોધી પ્રવૃત્તિઓનું આયોજન, અમલીકરણ અને દેખરેખ

(b) ડોપિંગ વિરોધી નિયમોના ઉલ્લંઘનની તપાસ

(c) ડોપિંગ વિરોધી સંશોધનને પ્રોત્સાહન આપવું.

## રમતમાં રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બોર્ડ (National Board for Anti-Doping in Sports)

આ બિલ સરકારને ડોપિંગ વિરોધી નિયમન અને આંતરરાષ્ટ્રીય એન્ટી–ડોપિંગ પ્રતિબદ્ધતાઓનું પાલન કરવા માટે ભલામણો કરવા રમત ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બોર્ડની સ્થાપના કરે છે.

- બોર્ડ એજન્સીની ગતિવિધિઓ પર નજર રાખશે અને તેને નિર્દેશો જારી કરશે.

## ડોપ ટેસ્ટીગ લેબોરેટરી

હાલની નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરીને પ્રીમિયર ડોપ ટેસ્ટીગ લેબોરેટરી તરીકે ગણવામાં આવશે.

- કેન્દ્ર સરકાર વધુ નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરી સ્થાપી શકે છે.

## બિલનું મહત્વ

ડોપિંગ સામે લડવા એજન્સીઓ વચ્ચે સહકાર વધારવા ઉપરાંત આ બિલ એથ્લેટ્સને સમયસર ન્યાય આપવા માંગે છે.

- તે રમતગમત માટે તેની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને પૂર્ણ કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાને મજબૂત કરવાનો પણ પ્રયાસ કરે છે.
- આ બિલ ડોપિંગ વિરોધી નિર્ણયો માટે એક મજબૂત, સ્વતંત્ર મિકેનિઝમ સ્થાપિત કરવામાં મદદ કરશે.
- આ બિલ NADA અને નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરી (NDTL)ની કામગરીને કાનૂની માન્યતા આપશે.

## NADA વિશે

નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)ની સ્થાપના 24 નવેમ્બર, 2005ના રોજ ભારતમાં ડોપ મુક્ત રમતો માટેના આદેશ સાથે સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ નોંધાયેલ સોસાયટી તરીકે કરવામાં આવી હતી.

- તેના પ્રાથમિક ઉદ્દેશ્યો 'વર્લ્ડ એન્ટી–ડોપિંગ એજન્સી' (WADA) કોડ અનુસાર ડોપ વિરોધી નિયમો લાગુ કરવા, ડોપ નિયંત્રણ કાર્યક્રમોનું નિયમન. શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવા અને ડોપિંગ અને તેની ખરાબ અસરો વિશે જાગૃતિ લાવવાનો છે.
- NADA પાસે જરૂરી સત્તા અને જવાબદારી છે જે આ મુજબ છે :

  (a) આયોજન, સંકલન, અમલીકરણ, દેખરેખ અને ડોપિંગ નિયંત્રણમાં સુધારો કરવા માટેની હિમાયત.

  (b) અન્ય સંબંધિત રાષ્ટ્રીય સંસ્થાઓ, એજન્સીઓ અને અન્ય ડોપિંગ વિરોધી સંસ્થાઓ વગેરે સાથે સહયોગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WADA વિશે

વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (WADA)ની સ્થાપના નવેમ્બર, 1999માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ હેઠળ કરવામાં આવી હતી.

- WADAને યુનેસ્કો ઈન્ટરનેશનલ કન્વેન્શન વિરુદ્ધ ડોપિંગ ઈન સપોર્ટ (2005) દ્વારા માન્યતા આપવામાં આવી હતી.
- WADAની પ્રાથમિક ભૂમિકા તમામ રમતો અને દેશોમાં ડોપિંગ વિરોધી નિયમો વિકસાવવા, સૂમેળ અને સંકલન કરવાની છે.
- તે વર્લ્ડ એન્ટી–ડોપિંગ કોડ અને તેના ધોરણોના યોગ્ય અમલીકરણની ખાતરી કરવા, ડોપિંગની ઘટનાઓની તપાસ કરવા, ડોપિંગ પર સંશોધન કરવા, એથ્લેટ્સ અને સંબંધિત કર્મચારીઓને ડોપિંગ વિરોધી નિયમો વિશે શિક્ષિત કરવા માટે કામ કરે છે.

1. તાજેતરમાં યુરોપના કેટલાંક દેશોમાં ‘હીટ વેવ’ (Heat Waves) જોવા મળ્યો હતો. આ હીટ વેવ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. હીટ વેવ એ અસામાન્ય રીતે ઉચ્ચ તાપમાનની એ સ્થિતિ છે જ્યાં તાપમાન સામાન્ય કરતા વધારે રહે છે.
2. હીટ વેવના તરંગો અથવા ગરમીના તરંગો (મોજા) ઉચ્ચ ભેજ અને બિન–ભેજ બંને હોઈ શકે છે.
3. હીટ વેવ અથવા ગરમીનું મોજુ માર્ચથી જૂન વચ્ચે રહે છે, પરંતુ કેટલીક વાર જુલાઈ સુધી લંબાઈ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

2. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2022માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં ભારત કયા ક્રમે છે ?

(A) 87 (B) 89 (C) 91 (D) 97 (A)

3. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2022માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) જર્મની (B) ફીનલેન્ડ (C) જાપાન (D) સિંગાપોર (C)

4. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જુલાઈ 2022માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં અંતિમ ક્રમે કયો દેશ છે ?

(A) પાકિસ્તાન (B) સીરિયા (C) ઈરાક (D) અફઘાનિસ્તાન (D)

5. તાજેતરમાં લોકસભાએ ‘રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી બિલ, 2021’ (National Anti-Doping Bill, 2021) પસાર કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) માટે વૈધાનિક માળખુ બનાવવા માગે છે.
2. આ બિલ એથ્લેટ્, રમતવીર, સહાયક કર્મચારીઓ અને અન્ય વ્યક્તિઓને રમતમાં ડોપિંગમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકે છે.
3. આ બિલમાં ઉલ્લંઘન કરનાર રમતવીરને 10 વર્ષની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.
4. આ બિલ યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 ઓગસ્ટ, (1) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર, 'ફ્રેન્ડશિપ ડે' (2) મુસ્લિમ મહિલા અધિકાર દિવસ (Muslim Women Rights Day)

### મુસ્લિમ મહિલા અધિકાર દિવસ

ભારતમાં 1 ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ત્રિપલ તલાક બિલની પૃષ્ઠભૂમિમાં 1 ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર' દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ બિલને 1 ઓગસ્ટ, 2019ના રોજ સંસદમાં મંજૂરી આપવામાં આવી હતી.
- સંસદમાંથી પસાર થયેલા આ બિલનું નામ 'મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ, 2019' હતું.
- આ બિલમાં ત્રિપલ તલાક પ્રથાને કાનુની ગુનો જાહેર કરવામાં આવ્યો હતો.
- આ બિલનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓમાં આત્મનિર્ભરતા અને આત્મસન્માનને પ્રોત્સાહન આપવાનો છે, જેથી તેમને વધુ સશક્ત બનાવી શકાય.
- આ બિલની જોગવાઈ અનુસાર તલાક (છૂટા છેડા)ની ઘોષણાને કોગ્નિઝેબલ ગુનો ગણવામાં આવશે.

નોંધ : (1) ઈન્દોરના શાહબાનો પહેલા મુસ્લિમ મહિલા હતા કે જેમણે ત્રિપલ તલાકને સૌપ્રથમ વખત અદાલતમાં પડકાર્યો હતો.
(2) વિશ્વમાં સૌપ્રથમ વખત ઈજિપ્તે વર્ષ 1929માં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મુક્યો હતો.
(3) પાકિસ્તાન અને મલેશિયા સહિત વિશ્વના 20 જેટલા મુસ્લિમ દેશોમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 1 થી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 થી 7 ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' (World Breastfeeding Week)ની ઉજવણી કરવામાં આવે છે.




- આ વિકની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવાનો છે.
- WABA દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ના 'World Breastfeeding Week'ની થીમ 'Step up for Breastfeeding : Educate and Support' છે.
- World Alliance for Breastfeeding Action (WABA) દ્વારા 14 ફેબ્રુઆરી, 1991ના રોજ આ સપ્તાહની ઉજવણીની સ્થાપના કરવામાં આવી હતી.

- આ અંતર્ગત 1992થી દર વર્ષે આ સપ્તાહ ઉજવાય છે.
- હાલ WABA, WHO અને UNICEF દ્વારા આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) UNICEFનું પૂરું નામ 'United Nations International Children's Emergency Fund' છે.
(2) 1 ઓગસ્ટ, 2022ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' અને 'નારી વંદન ઉત્સવ'ની રાજ્ય કક્ષાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો.

## ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-2027



ગુજરાત સરકારે તાજેતરમાં 'ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-27'નું અનાવરણ કર્યું છે.

- આ નીતિનો ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં ઓછામાં ઓછી 2 લાખ નવી રોજગારી તકો ઉભી કરવાનો છે.
- આ પોલીસીની જાહેરાત સાથે ગુજરાત સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ક્ષેત્રે સહાય માટે નીતિ જાહેર કરનારું પ્રથમ રાજ્ય બન્યું છે.

### ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-2027


- ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-27 હેઠળ ગુજરાત સરકાર ગુજરાતમાં સેમિકન્ડક્ટર અથવા મેન્યુફેક્ચરિંગ ડિસ્પ્લેમાં રોકાણ કરવામાં રસ ધરાવતા ઉદ્યોગસાહસિકો માટે વીજળી, પાણી અને જમીનના શુલ્ક પર મોટી સબસિડી આપશે.
- આ નીતિનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્યને પ્રથમ બનાવવાનો છે.
- આ મજબૂત સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન સ્થાપિત કરવા માટે યોગ્ય પ્રોજેક્ટ્સના અસરકારક અને સમયસર અમલમાં મદદ કરશે.
- આ પોલિસી અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયન ખાતે ધોલેરા સેમિકોન સિટી સ્થાપવામાં આવશે.
- અને પાત્રતા ધરાવતા પ્રોજેક્ટ્સને પ્રથમ 200 એકર જમીન ખરીદી પર 75% સબસિડી અને ફેબ પ્રોજેક્ટ અથવા અપસ્ટ્રીમ/ડાઉનસ્ટ્રીમ તથા ISM (ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન) હેઠળ મંજૂર થયેલા અન્ય પ્રોજેક્ટ્સ માટે જરૂરી વધારાની જમીન પર 50 ટકા સબસિડી આપવામાં આવશે.
- આ ઉપરાંત ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સ માટે કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી મૂડી સહાયના 40% પર વધારાની મૂડી સહાય પૂરી પાડવામાં આવશે.
- આ પોલિસી થકી આગામી પાંચ વર્ષમાં બે લાખ જેટલી રોજગારીનું સર્જન થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેરિસ ઓલિમ્પિક 2024માં 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કરવામાં આવશે.

તાજેતરમાં <u>રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL)</u>એ <u>પેરિસ ઓલિમ્પિક 2024</u>માં પ્રથમ વખત <u>ઈન્ડિયા હાઉસ સ્થાપવા</u> માટે <u>ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA)</u> સાથે ભાગીદારી કરી છે.

- <u>RIL-IOA</u> ભાગીદારી <u>ભારતીય એથ્લેટ્સ</u>ના પ્રદર્શનને વધારવા પર કેન્દ્રિત છે.
- તે રાષ્ટ્રીય રમત ફેડરેશનને પણ સમર્થન આપશે.
- RIL-IOA ભાગીદારી ભવિષ્યમાં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાના ધ્યેય સાથે વૈશ્વિક રમતગમત રાષ્ટ્ર તરીકે ભારતની પ્રતિષ્ઠા વધારવામાં મદદ કરશે.
- આ ભાગીદારીના ભાગરૂપે RIL એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સ જેવી મોટી મલ્ટી–સ્પોર્ટ ઈવેન્ટ્સમાં ભારતીય એથ્લેટ્સને સમર્થન આપશે.
- <u>પેરિસ 2024 ઓલિમ્પિક પહેલા</u> ભારત <u>જૂન 2023</u>માં મુંબઈમાં <u>Jio વર્લ્ડ સેન્ટર</u>માં <u>140મા</u> <u>પ્રતિષ્ઠિત IOC સત્રનું</u> આયોજન કરશે.



1. ભારતમાં 'ફ્રેન્ડશિપ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 30 જુલાઈ
(B) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર
(C) 2 ઓગસ્ટ
(D) ઓગસ્ટ મહિનાનો બીજો રવિવાર
(B)

2. ભારતમાં કયા દિવસે 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 3 ઓગસ્ટ (D) 4 ઓગસ્ટ
(A)

3. ભારતમાં કયા બિલની પૃષ્ઠભૂમિમાં 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2019
(B) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2014
(C) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2012
(D) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2009
(A)

4. સમગ્ર વિશ્વમાં 1 થી 7 ઓગસ્ટ દરમિયાન કયા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે ?
(A) વિશ્વ પર્યાવરણ બચાવો સપ્તાહ
(B) વિશ્વ વન્યજીવ સંરક્ષણ સપ્તાહ
(C) વિશ્વ સ્તનપાન સપ્તાહ
(D) વિશ્વ બાળ સુરક્ષા સપ્તાહ
(C)

5. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 થી 7 જુન (B) 1 થી 7 જુલાઈ (C) 1 થી 7 ઓગસ્ટ (D) 1 થી 7 સપ્ટેમ્બર
(C)

6. ગુજરાત સરકારે તાજેતરમાં 'ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-2027'નું અનાવરણ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ પોલિસી થકી આગામી પાંચ વર્ષમાં બે લાખ જેટલી રોજગારીનું સર્જન થશે.
2. આ પોલિસીનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્યને પ્રથમ બનાવવાનો છે.
3. આ પોલિસી અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝીયન ખાતે ધોલેરા સેમિકોન સિટી સ્થાપવામાં આવશે.
4. આ પોલિસીની જાહેરાત સાથે ગુજરાત સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ક્ષેત્રે સહાય માટે નીતિ જાહેર કરનારું પ્રથમ રાજ્ય બન્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4
(D)

7. તાજેતરમાં ............એ પેરિસ ઓલિમ્પિક 2024માં પ્રથમ વખત 'ઈન્ડિયા હાઉસ' સ્થાપવા માટે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) સાથે ભાગીદારી કરી છે.
(A) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL)
(B) અદાણી ગ્રુપ
(C) ટાટા ગ્રુપ
(D) સિરમ ઈન્સ્ટિટ્યૂટ
(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઝિમ્બાબ્વેએ ફુગાવાને કાબૂમાં લેવા માટે સોનાનો સિક્કો લોન્ચ કર્યો



તાજેતરમાં ઝિમ્બાબ્વેએ દેશમાં ફુગાવાને અંકુશમાં લેવા માટે 'મોસી–ઓઆ–તુન્યા' નામના સોનાના સિક્કા લોન્ચ કર્યા હતા.

- રિઝર્વ બેંક ઓફ ઝિમ્બાબ્વેએ લોન્ચની જાહેરાત કરી અને કોમર્શિયલ બેંકોને 2,000 સિક્કાઓનું વિતરણ કર્યું હતું.
- જુલાઈમાં વાર્ષિક ફુગાવાનો દર વધીને 190% થયો અને આ રીતે મધ્યસ્થ બેંકનો વ્યાજદર બમણો થઈને 200% થયો હતો.
- ઝિમ્બાબ્વે છેલ્લા એક દાયકાથી ઊંચા ફુગાવાનો સામનો કરી રહ્યું છે.
- આ ઉપરાંત બીજી ઘણી રીતે તેને કાબૂમાં લેવાના પ્રયાસો થઈ રહ્યા છે.
- વર્ષ 2022માં ઝિમ્બાબ્વે ડોલરનું મૂલ્ય મુખ્ય ચલણ સામે ઘટ્યુ હતું.
- પરિણામે ઝિમ્બાબ્વેમાં નાગરિકો દ્વારા યુએસ ડોલરનું બ્લેક માર્કેટિંગ શરૂ થયું હતું.
- આમ ઝિમ્બાબ્વેએ ડોલરના બ્લેક માર્કેટિંગને અંકુશમાં લેવા માટે નવા સોનાના સિક્કા લોન્ચ કર્યા છે.

### સોનાના સિક્કાની વિશેષતાઓ

સોનાના સિક્કાને 'મોસી–ઓ–તુન્યા' કહેવામાં આવે છે. તેનો અર્થ 'The Smoke which Thunders' થાય છે. તે મૂળ ટોંગા ભાષામાં વિક્ટોરિયા ધોધનો પણ ઉલ્લેખ કરે છે.

- આ સિક્કાઓને લિક્વિડ એસેટ્સનો દરજ્જો આપવામાં આવ્યો છે. આમ તે સરળતાથી રોકડમાં રૂપાંતરિત થઈ શકે છે.
- તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સરળતાથી વેપાર કરી શકાય તેવા છે.
- આ સિક્કાઓનો ઉપયોગ વ્યક્તિઓ અથવા કંપનીઓ કરી શકે છે. તેઓ બેંકો અને અન્ય અધિકૃત આઉટલેટ્સમાંથી સિક્કા ખરીદી શકે છે.
- વિદેશીઓ પણ સિક્કા ખરીદી શકે છે, જો કે માત્ર વિદેશી ચલણમાં
- સિક્કા ધારકો ખરીદીની તારીખથી 180 દિવસ પછી રોકડમાં સિક્કાનો વેપાર કરી શકે છે.
- સોનાના સિક્કાની કિંમત એક ઔંસ સોનાના આંતરરાષ્ટ્રીય બજારના દરના આધારે નક્કી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભ્યાસ Ex VINBAX 2022 : ભારત-વિયેતનામ




Ex VINBAX 2022ની ત્રીજી આવૃત્તિ 1 અને 2 ઓગસ્ટ દરમિયાન યોજાઈ હતી.

- Ex VINBAX એ ભારત અને વિયેતનામ વચ્ચે યોજાતો દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ છે.
- આ અભ્યાસનું આયોજન ભારતમાં ચંડીમંદીર (હરિયાણા)માં થયું હતું.
- અગાઉનો અભ્યાસ 2019માં વિયેતનામમાં હાથ ધરવામાં આવ્યો હતો.
- બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે.
- બંને દેશો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. સંરક્ષણ સહયોગ આ ભાગીદારીનો મહત્વનો આધારસ્તંભ છે.
- વિયેતનામ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી તેમજ ઈન્ડો–પેસિફિક વિઝનમાં મહત્વપૂર્ણ સહભાગી છે.
- Ex VINBAX 2022નું આયોજન 'Employment and Deployment of an Engineer Company and a Medical team under United Nations Contingent for Peacekeeping Operations' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસ પરસ્પર વિશ્વાસ અને આંતર કાર્યક્ષમતાને મજબૂત કરવામાં મદદ કરશે.
- તે બંને દેશોની સેનાઓ વચ્ચે કામના વધુ સારા અવકાશ સાથે ક્ષેત્રીય કવાયતના સ્વરૂપમાં શ્રેષ્ટ પ્રથાઓ વહેંચવામાં પણ મદદ કરશે.
- આ અભ્યાસ બંને દેશના સૈનિકોને ભારત અને વિયેતનામના સામાજિક અને સાંસ્કૃતિક વારસા વિશે જાણવાની તક પૂરી પાડશે.
- આ અભ્યાસમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ 105 એન્જિનિયર રેજિમેન્ટના સૈનિકોએ કર્યુ હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિગ - 21 ક્રેશ (Mig - 21)

તાજેતરમાં રાજસ્થાનના બાડમેરમાં ભારતીય વાયુસેના (IAF)નું મિગ–21 બાઈસન એરક્રાફ્ટ ક્રેશ થયું હતું.

- જેમાં ફાઈટર એરક્રાફ્ટના પ્રશિક્ષણ સંસ્કરણ પર સવાર બે પાયલોટના મૃત્યુ થયા હતા.
- હાલમાં ભારતીય વાયુસેના પાસે લગભગ 70 મિગ–21 એરક્રાફ્ટ અને 50 મિગ–29 વેરિઅન્ટ્સ છે.
- ભારતીય વાયુસેના પાસે હાલમાં મિગ–21 બાઈસન એરક્રાફ્ટની ચાર સ્ક્વોડ્રન છે, જેમાં પ્રત્યેક સ્ક્વોડ્રન 16-18 એરક્રાફ્ટ ધરાવે છે.

- ભારતીય વાયુ સેના (IAF) આગામી પાંચ વર્ષમાં મિગ–29 ફાઈટર જેટની ત્રણ સ્ક્વોડ્રનને તબક્કાવાર બહાર કરવાની પણ યોજના ધરાવે છે.
- તે ભારતીય વાયુ સેનાના આધુનિકરણ અભિયાનનો એક ભાગ છે.
- આ ઉપરાંત ચારેય મિગ–21 સ્ક્વોડ્રનને વર્ષ 2025 સુધીમાં નિવૃત કરવાની યોજના છે.

## મિગ - 21



મિગ–21 એ એક સુપરસોનિક જેટ ફાઈટર અને ઈન્ટરસેપ્ટર એરક્રાફ્ટ છે, જેનું નિર્માણ સોવિયત યુનિયનમાં મિકોયાન–ગુરેવિચ ડિઝાઈન બ્યૂરો દ્વારા કરવામાં આવ્યું છે.

- મિગ એ સોવિયત યુનિયન પાસેથી મેળવેલ ફાઈટર એરક્રાફ્ટ છે. અને 1959 થી IAFમાં સેવા આપી રહ્યું છે.
- ચાર ખંડોના લગભગ 60 દેશોએ મિગ–21નો ઉપયોગ કર્યો છે અને તેની પ્રથમ ઉડાન પછીના છ દાયકા પછી પણ ઘણા દેશોમાં સેવામાં છે.
- ભારતે વર્ષ 1963માં મિગ–21ને સામેલ કર્યું અને દેશમાં વિમાનના સંપૂર્ણ ટેકનોલોજી ટ્રાન્સફર અને લાયસન્સ મેન્યુફેક્ચરિંગ હકો પ્રાપ્ત કર્યા હતા.
- રશિયાએ 1985માં એરક્રાફ્ટ ઉત્પાદન બંધ કરી દીધુ હતું. જ્યારે ભારતે અપગ્રેડ વર્ઝનનું સંચાલન કરવાનું ચાલુ રાખ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




1. તાજેતરમાં કયા દેશમાં ફુગાવાને અંકુશમાં લેવા માટે 'મોસી–ઓઆ–તુન્યા' નામના સોનાના સિક્કા લોન્ચ કર્યા હતા ?

(A) દ.કોરિયા (B) ઝિમ્બાબ્વે (C) વેનેઝુએલા (D) દ.સુદાન (B)

2. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે 'Ex VINBAX 2022'નામના દ્વીપક્ષીય સૈન્ય અભ્યાસનું આયોજન થયું હતું ?

(A) ભારત–વિયેતનામ (B) ભારત–ઓમાન
(C) ભારત–તાઈવાન (D) ભારત–મોરેશિયસ (A)

3. ભારત અને વિયેતનામ વચ્ચે 'Ex VINBAX 2022'અભ્યાસનું આયોજન કયાં થયું હતું ?

(A) ચંડીમંદીર (B) બાડમેર (C) વિશાખાપટ્ટનમ (D) પૂણે (A)

4. તાજેતરમાં રાજસ્થાનના .............માં ભારતીય વાયુસેના (IAF)નું મિગ–21 બાઈસન વિમાન ક્રેશ થયું હતું. જેમાં બે પાયલોટના મૃત્યુ થયા હતા.

(A) જયપુર (B) ઉદયપુર (C) બાડમેર (D) કોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Financial Inclusion Index : RBI

ભારતીય રિઝર્વ બેંકે 31 માર્ચ, 2022ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે સંયુક્ત નાણાકીય સમાવેશ સૂચકાંક (Financial Inclusion Index-FI- Index) બહાર પાડ્યો છે.

- ભારતનો Financial Inclusion Index પાછલા વર્ષ 2021માં 9 થી વધીને 56.4 થયો છે.
- તેના તમામ પેટા સૂચકાંકો (એક્સેસ, ઉપયોગ અને નાણાકીય સેવાઓની ગુણવત્તા)માં સુધારો જોવા મળ્યો છે.

### નાણાકીય સમાવેશ સૂચકાંક (FI-Index)

ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ઈન્ડેક્સને એક વ્યાપક ઈન્ડેક્સ તરીકે કલ્પના કરવામાં આવી છે. જેમાં સરકાર અને ક્ષેત્રીય નિયામકો સાથે પરામર્શ કરીને બેન્કિંગ, વીમા, રોકાણ, ટપાલ અને પેન્શન ક્ષેત્રની વિગતો શામેલ છે.

- તે RBI દ્વારા વર્ષ 2021માં કોઈપણ 'Base Year' વિના વિકસાવવામાં આવ્યું હતું.
- RBI દ્વારા દર વર્ષે જુલાઈમાં પ્રકાશિત કરવામાં આવે છે.

### લક્ષ્ય

- સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશની હદ માપવા માટે સંયુક્ત નાણાકીય સમાવેશ સૂચકાંક બનાવવો.
- ઈન્ડેક્સમાં તમામ 97 સૂચકાંકોને આવરી લેતી સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને ઉપયોગમાં સરળતા અને સેવાઓની ગુણવત્તા માપવા માટે પણ જવાબદાર છે.

### માપદંડ

આ ઈન્ડેક્સ 0 અને 100 ની વચ્ચે એકલ સંખ્યામાં નાણાકીય સમાવેશના વિવિધ પાસાઓ પર માહિતી મેળવે છે. જ્યાં 0 સંપૂર્ણ નાણાકીય બાકાતનું પ્રતિનિધિત્વ કરે છે અને 100 સંપૂર્ણ નાણાકીય સમાવેશનું પ્રતિનિધિત્વ કરે છે.




- FI ઈન્ડેક્સની ગણતરી માટે ત્રણ વ્યાપક પરિમાણો છે જે આ મુજબ છે :
  - (a) નાણાકીય સેવાઓની એક્સેસ
  - (b) નાણાકીય સેવાઓનો ઉપયોગ/વપરાશ
  - (c) ઉત્પાદનોની ગુણવત્તા અને સેવા વિતરણ
- આ પરિમાણોનું વજન/ભાર નીચે મુજબ છે :
  - (a) એક્સેસ (પ્રવેશ)– 35%
  - (b) વપરાશ– 45%
  - (c) ગુણવત્તા– 20%
- આ ઈન્ડેક્સ સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને ઉપયોગમાં સરળતા અને સેવાઓની ગુણવત્તા માપવા માટે જવાબદાર છે. જે તમામ 97 સૂચકાંકને આવરી લે છે.

## મહત્વ

આ ઈન્ડેક્સ નાણાકીય સમાવેશ સ્તર વિશે માહિતી પ્રદાન કરે છે અને આંતરિક નીતિ નિર્માણમાં ઉપયોગ માટે નાણાકીય સેવાઓનું મૂલ્યાંકન પ્રદાન કરે છે.

- તેનો ઉપયોગ પ્રત્યક્ષ વિકાસ સૂચકાંકોમાં એકંદર માપ તરીકે થઈ શકે છે.
- તે G-20 નાણાકીય સમાવેશ સૂચક જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ છે.
- તે સંશોધકોને નાણાકીય સમાવેશ અને અન્ય મેક્રો–ઈકોનોમિક વેરિયેબલ્સની અસરોનો અભ્યાસ કરવાની મંજૂરી આપે છે.

**નોંધ :** G-20 સૂચકો રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નાણાકીય સમાવેશ અને ડિજિટલ નાણાકીય સેવાઓની સ્થિતિને માપે છે.

## નાણાકીય સમાવેશ શું છે ?

નાણાકીય સમાવેશ એ ઓછી આવક ધરાવતા લોકો અને સમાજના વંચિત વર્ગને સસ્તુ અને ચૂકવણી, બચત, લોન વગેરે જેવી નાણાકીય સેવાઓ પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે. તેને 'સમાવેશ ધિરાણ' પણ કહેવામાં આવે છે.


- ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં નાણાકીય સમાવેશ એ વિકાસ પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.
- આઝાદી બાદથી સરકારો, નિયમનકારી સંસ્થાઓ અને નાગરિક સમાજના સંયુક્ત પ્રયાસોએ દેશમાં નાણાકીય સમાવેશની પદ્ધતિને મજબૂત બનાવવામાં મદદ કરી શકે છે.
- બેંક ખાતામાં પ્રવેશ મેળવવો એ વ્યાપક નાણાકીય સમાવેશ તરફનું પગલું છે કારણ કે ટ્રાન્ઝેક્શન એકાઉન્ટ લોકોને જમા કરવા, ચૂકવણી કરવા અને નાણાં પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે.
- ટ્રાન્ઝેક્શન એકાઉન્ટ અન્ય નાણાકીય સેવાઓના પ્રવેશદ્વાર તરીકે કાર્ય કરે છે.

# આલ્ફાફોલ્ડ : પ્રોટીન સ્ટ્રક્ચરની આગાહી કરવા સક્ષમ સાધન વિકસિત થયું

તાજેતરમાં લંડન સ્થિત એક કંપની ડીપમાઈન્ડએ 'આલ્ફાફોલ્ડ' નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ વિકસાવ્યું છે.

- આ ટૂલ તમામ પ્રોટીનની રચનાની આગાહી કરે છે અને પ્રકાશિત કરે છે, જે જીવનના નિર્માણ ખંડ છે. આમ આ સાધન જૈવિક સંશોધન માટેના સૌથી પ્રભાવશાળી ડેટાબેઝને અનલોક કરે છે.
- આલ્ફાફોલ્ડ એ યુરોપિયન બાયોઈન્ફોર્મેટિક્સ ઈન્સ્ટિટ્યૂટ (EMBL-EBI) સાથે મળીને 200 મિલિયનથી વધુ પ્રોટીન સ્ટ્રક્ચર્સની રચનાઓ બહાર પાડી છે.

## આલ્ફાફોલ્ડ



આલ્ફાફોલ્ડ એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સાધન છે. જે પ્રોટીન સ્ટ્રક્ચરની આગાહી કરે છે.

- તે ડીપ ન્યુરલ નેટવર્ક નામની કોમ્પ્યૂટર સિસ્ટમ પર આધારિત છે.
- ન્યુરલ નેટવર્ક્સ માનવ મગજ જે રીતે કાર્ય કરે છે તે જ રીતે મોટા પ્રમાણમાં ઈનપુટ ડેટાનો ઉપયોગ કરીને ઈચ્છિત આઉટપુટ પ્રદાન કરે છે.
- આલ્ફાફોલ્ડને ઈનપુટ તરીકે પ્રોટીન સિક્વન્સ સાથે જોડવામાં આવે છે.
- જ્યારે પ્રોટીન સિક્વન્સ એક છેડેથી પ્રવેશે છે, ત્યારે અનુમાનિત ત્રિ–પરિમાણીય માળખા બીજા છેડેથી બહાર આવે છે.

## પ્રક્રિયા

પ્રથમ તબક્કામાં પ્રોટીન ડેટા બેંક (PDB)માં ઉપલબ્ધ 1,70,000 પ્રોટીન સ્ટ્રક્ચર્સનો ઉપયોગ કોમ્પ્યૂટર મોડલને તાલીમ આપવા માટે કરવામાં આવે છે.

- આ તે તાલીમના પરિમાણોનો ઉપયોગ PDBમાં નહીં, પરંતુ પ્રોટીનની માળખાકીય આગાહી માટે કરે છે.
- તે પ્રથમ તબક્કાથી ઉચ્ચ સચોટતા આગાહીનો ઉપયોગ કરે છે જેથી કરીને તેને ફરીથી પ્રશિક્ષિત કરી શકાય અને અગાઉની આગાહીઓની ઉચ્ચ સચોટતા પ્રાપ્ત કરવા માટે ફરીથી શીખી શકાય.
- આ પદ્ધતિનો ઉપયોગ કરીને આલ્ફાફોલ્ડએ હવે યુનિવર્સલ પ્રોટીન રિસોર્સ (યુનિપ્રોટ) ડેટાબેઝમાં એકત્રિત કરવામાં આવેલા સમગ્ર 214 મિલિયન અનન્ય પ્રોટીન સિક્વન્સની રચનાની આગાહી કરી છે.

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
GPSC 1/2, PI, PSI/CONSTABLE,
S.T.I., Dy.SO, નાયબ મામલતદાર,
બિનસચિવાલય કલાર્ક,
તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
NOW AVAILABLE


1. તાજેતરમાં RBIએ FI- ઈન્ડેક્સ બહાર પાડ્યો છે. જેમાં દર્શાવ્યા મુજબ ભારતનો Finanical Inclusion Index પાછલા વર્ષ 2021માં 9 થી વધીને ...........થયો છે.

(A) 56.4 (B) 42.3 (C) 31.1 (D) 20.4 (A)

2. તાજેતરમાં RBIએ FI-Index બહાર પાડ્યો છે. આ FI-Indexનું પૂરું નામ જણાવો ?

(A) Financial Inclusion Index (B) Financial India Index

(C) Future Inclusion Index (D) Future India Index (A)

3. RBI દ્વારા Financial Inclusion Indexને દર વર્ષે કયા મહિનામાં પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) નવેમ્બર (B) ડિસેમ્બર (C) ફેબ્રુઆરી (D) જુલાઈ (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'આલ્ફાફોલ્ડ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. લંડન સ્થિત એક કંપની ડીપમાઈન્ડએ 'આલ્ફાફોલ્ડ'નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ વિકસાવ્યું છે.

2. આ ટૂલ તમામ પ્રોટીનની રચનાની આગાહી કરે છે.

3. તે ડીપ ન્યુરલ નેટવર્ક નામની કોમ્પ્યૂટર સિસ્ટમ પર આધારિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Wildlife (Protection) Amendment Bill, 2021

તાજેતરમાં લોકસભાએ 'વન્યજીવ (સંરક્ષણ) સંશોધન વિધેયક, 2021' પસાર કર્યુ હતું.

- જે વન્યજીવો અને વનસ્પતિઓની લુપ્તપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરના કન્વેન્શનના અમલીકરણની જોગવાઈ કરે છે.



## Wildlife (Protection) Amendment Bill, 2021

આ બિલ 17 ડિસેમ્બર, 2021ના રોજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

- આ બિલ 'Wildlife (Protection) Act, 1972'માં સુધારો કરવા માંગે છે.
- આ બિલ સંરક્ષિત પ્રજાતિઓની સંખ્યામાં વધારો કરવા અને CITESને લાગુ કરવા માંગે છે.

### વિશેષતા

### CITES

વન્ય પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિની નાશપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરનું સંમેલન (Convention on International Trade in Endangered Species of Wild Fauna and Flora-CITES) એ એક આંતરરાષ્ટ્રીય કરાર છે. જેનુ પાલન રાષ્ટ્રીય અને પ્રાદેશિક આર્થિક એકીકરણ સંગઠન સ્વૈચ્છિક રીતે કરે છે.

- તેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે જંગલી પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિના આંતરાષ્ટ્રીય વેપારને કારણે તેમનું અસ્તિત્વ જોખમમાં ન આવે.
- સંમેલન દ્વારા આવરી લેવામાં આવેલી વિવિધ પ્રજાતિઓની આયાત, નિકાસ, પુનઃવિકાસ અને પ્રવેશ માટેની પ્રક્રિયાઓ લાઈસન્સિંગ સિસ્ટમ દ્વારા અધિકૃત હોવી જરૂરી છે.
- તે જીવંત પ્રાણીઓના નમુનાઓને સાચવવા અને તેનું નિયમન કરવાનો પણ પ્રયાસ કરે છે.
- બિલ CITIESની આ જાગવાઈઓને અમલમાં મુકવા માંગે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમયપત્રકનું પુનર્ગઠન

હાલમાં આ કાયદામાં ખાસ સંરક્ષિત છોડ (એક), વિશેષરૂપે સંરક્ષિત પ્રાણીઓ (ચાર) અને જંતુઓ (એક) માટે છ સમયપત્રક છે.

- આ બિલ સમયપત્રક અથવા શેડ્યુલની કુલ સંખ્યાને ઘટાડીને ચાર કરે છે.
- અનુસૂચિ I માં એવી પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જેને ઉચ્ચતમ સ્તરના રક્ષણની જરૂર હોય છે.
- અનુસૂચિ II માં એવી પ્રજાતિઓનો સમાવેશ થાય છે જેને પ્રમાણમાં ઓછા રક્ષણની જરૂર હોય છે.
- અનુસૂચિ III માં તમામ પ્રકારના છોડને આવરી લે છે.
- આ બિલમાં શેડ્યુલમાંથી વર્મીન પ્રજાતિઓને દૂર કરવામાં આવી છે.

નોંધ : વર્મીન પ્રજાતિઓ નાના પ્રાણીઓનો ઉલ્લેખ કરે છે. જે રોગો ફેલાવે છે અને ખોરાકનો નાશ કરે છે.

## સત્તા

આ બિલ કેન્દ્ર સરકારને આ માટે એક સત્તાની રચના કરવાની જોગવાઈ કરે છે :

(a) **મેનેજમેન્ટ ઓથોરિટી :**

– જે નમૂનાઓના વેપાર માટે નિકાસ અથવા આયાત પરમિટ આપે છે.

– સૂચિત નમૂનાના વેપારમાં રોકાયેલા દરેક વ્યક્તિએ મેનેજમેન્ટ ઓથોરિટીને વ્યવહારની વિગતો આપવી જોઈએ.

– આ બિલ કોઈપણ વ્યક્તિને નમૂના ચિહ્નને ઓળખવા, સુધારવા અથવા દૂર કરવા પર પ્રતિબંધ મૂકે છે.

(b) **વૈજ્ઞાનિક સત્તા :**

– જે વેપાર કરવામાં આવતા નમૂનાઓના અસ્તિત્વની અસરોને લગતા પાસાઓ પર સલાહ આપે છે.

## આક્રમક વિદેશી પ્રજાતિઓ

તે કેન્દ્ર સરકારને આક્રમક વિદેશી પ્રજાતિઓની આયાત, વેપાર અથવા ફેલાવાને નિયંત્રિત અથવા પ્રતિબંધિત કરવાની સત્તા આપે છે.

- આક્રમક વિદેશી પ્રજાતિઓ એવા છોડ અથવા પ્રાણીઓની પ્રજાતિનો ઉલ્લેખ કરે છે જે મૂળ ભારતની નથી અને હાજરી વન્યજીવન અથવા તેના નિવાસ સ્થાન પર પ્રતિકૂળ અસર કરી શકે છે.
- કેન્દ્ર સરકાર કોઈપણ અધિકારીને આક્રમક પ્રજાતિઓને જપ્ત કરવા અને તેનો નિકાલ કરવા માટે અધિકૃત કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અભયારણ્યનું નિયંત્રણ

આ અધિનિયમ મુખ્ય વન્યજીવન અધિકારીને રાજ્યના તમામ અભયારણ્યોનું નિયંત્રણ, સંચાલન અને જાળવણી કરવાની જવાબદારી સોંપે છે.

- મુખ્ય વન્યજીવન અધિકારીની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.
- બિલ સ્પષ્ટ કરે છે કે મુખ્ય અધિકારીની કાર્યવાહી અભયારણ્ય માટે નિર્ધારિત વ્યવસ્થાપન યોજનાઓ અનુસાર હોવી જોઈએ.
- આ યોજનાઓ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અનુસાર અને મુખ્ય વન્યજીવન અધિકારી દ્વારા આપવામાં આવેલી મંજૂરી મુજબ તૈયાર કરવામાં આવશે.
- વિશિષ્ટ વિસ્તારો હેઠળ આવતા અભયારણ્યો સંબંધિત ગ્રામસભા સાથે યોગ્ય પરામર્શ કર્યા પછી વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈએ.
- વિશેષ વિસ્તારોમાં એવા અનુસૂચિત વિસ્તારોનો સમાવેશ થાય છે જ્યાં અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, 2006 લાગુ પડે છે.
- અનુસૂચિત વિસ્તારો આર્થિક રીતે પછાત વિસ્તારો છે. જ્યાં મુખ્યત્વે આદિવાસી વસતી રહે છે, જે બંધારણની પાંચમી સૂચિ હેઠળ સૂચિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સંરક્ષણ અનામત

અધિનિયમ હેઠળ રાજ્ય સરકારો રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોની આસપાસના વિસ્તારોને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ તથા તેમના રહેઠાણને બચાવવા માટે સંરક્ષણ અનામત જાહેર કરી શકે છે.

- આ બિલ કેન્દ્ર સરકારને સંરક્ષણ અનામત સૂચિત કરવાની સત્તા પણ આપે છે.

## દંડ

WPA એક્ટ, 1972 કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે કેદ અને દંડની જોગવાઈ કરે છે.

- આ બિલ સજાની જોગવાઈમાં પણ વધારો કરે છે :

| ઉલ્લંઘનના પ્રકારો | અધિનિયમ, 1972 | બિલ, 2021 |
|---|---|---|
| સામાન્ય ઉલ્લંઘન | રૂ. 25,000 સુધી દંડ | રૂ. 1,00,000 સુધી દંડ |
| ખાસ સંરક્ષિત પ્રાણીઓ | ઓછામાં ઓછા રૂ. 10,000 દંડ | ઓછામાં ઓછા રૂ. 25,000 દંડ |


નોંધ : (1) વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 જંગલી પ્રાણીઓ અને છોડની વિવિધ પ્રજાતિઓના રક્ષણ, તેમના રહેઠાણોનું સંચાલન અને નિયમન તથા જંગલી પ્રાણીઓ, છોડ અને તેમના ઉત્પાદનોના વેપારના નિયંત્રણ માટે કાનૂની માળખુ પૂરું પાડે છે.

(2) આ કાયદામાં અનેક વખત સુધારો કરવામાં આવ્યો છે, છેલ્લો સુધારો વર્ષ 2006માં કરવામાં આવ્યો હતો.

## સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0

તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 'સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0' યોજનાના અમલીકરણ માટે માર્ગદર્શિકા બહાર પાડી છે.

- કેન્દ્ર સરકારે 2021-22 થી 2025-26 દરમિયાન અમલીકરણ માટે આ યોજનાને મંજૂરી આપી છે.




ICE INSTITUTE FOR COMPETITIVE

### યોજનાની મહત્વની વિશેષતાઓ

આ યોજનાનો ઉદ્દેશ્ય પોષણ સામગ્રી અને વિતરણમાં વ્યૂહાત્મક ફેરફારો લાવીને સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો, કિશોરીઓમાં કુપોષણના પડકારોનો સામનો કરવાનો છે.

- આ કાર્યક્રમ હેઠળ આરોગ્ય, સુખાકારી અને રોગપ્રતિકારક શક્તિને પ્રોત્સાહન આપતી પ્રથાઓ વિકસાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે એક કન્વર્જન્ટ ઈકોસિસ્ટમ બનાવવામાં આવશે.
- હાલના પોષણ કાર્યક્રમમાં રહેલી ખામીઓને દૂર કરવા તેમજ અમલીકરણમાં સુધારો કરવા તથા પોષણ અને બાળ વિકાસના પરિણામોમાં સુધારાને વેગ આપવા માટે હાલની યોજનાના ઘટકોની પુનઃરચના કરવામાં આવી છે.
- પોષણ 2.0 એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના ખર્ચની વહેંચણીના ગુણોત્તરના આધારે રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા અમલમાં મુકાયેલો કેન્દ્રીય પ્રાયોજિત કાર્યક્રમ છે.
- તે 6 વર્ષ સુધીના બાળકો, કિશોરીઓ (14-18 વર્ષ) અને સગર્ભા તથા સ્તનપાન કરાવતી સ્ત્રીઓમાં કુપોષણની પડકારજનક પરિસ્થિતિને હલ કરશે.

## ઉદ્દેશ્ય

<u>પોષણ 2.0</u>ના ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

(a) દેશના માનવ મૂડી વિકાસમાં યોગદાન આપવું

(b) કુપોષણના પડકારોનો સામનો કરવો.

(c) ટકાઉ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પોષણ જાગૃતિ અને સારી ખાવાની ટેવને પ્રોત્સાહન આપવું.

(d) મુખ્ય વ્યૂહરચનાઓ દ્વારા પોષણની ખામીઓને સંબોધિત કરવી

(e) આરોગ્ય અને પોષણ માટેની આયુષ પ્રણાલીઓ પોષણ 2.0 હેઠળ એકિકૃત કરવામાં આવશે.



**1. તાજેતરમાં લોકસભાએ 'Wildlife (Protection) Amendment Bill,2021' પસાર કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. આ બિલ 'Wildlife (Protection) Act,1972'માં સુધારો કરવા માગે છે.
2. આ બિલ વન્યજીવો અને વનસ્પતિઓની લુપ્તપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરના કન્વેન્શનના અમલીકરણની જોગવાઈ કરવા માંગે છે.
3. આ બિલ સંરક્ષિત પ્રજાતિઓની સંખ્યામાં વધારો કરવા અને CITESને લાગુ કરવા માંગે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

---

**2. તાજેતરમાં લોકસભામાં 'Wildlife (Protection) Amendment Bill, 2021'પસાર કર્યુ હતું. જેમાં દર્શાવેલ દંડની જોગવાઈ મુજબ નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. WPA એક્ટ અધિનિયમ, 1972માં 'સામાન્ય ઉલ્લંઘન' માટે રૂ. 25,000 સુધી દંડની જોગવાઈ હતી. જે બિલ, 2021માં વધીને રૂ. 1,00,000 સુધી કરવામાં આવી છે.
2. WPA એક્ટ અધિનિયમ, 1972માં 'ખાસ સંરક્ષિત પ્રાણીઓ' માટેના ઉલ્લંઘન માટે ઓછામાં ઓછા રૂ. 10,000 દંડની જોગવાઈ હતી, જે બિલ, 2021માં ઓછામાં ઓછા રૂ. 25,000 કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

---

**3. તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 'સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0' યોજનાના અમલીકરણ માટે માર્ગદર્શિકા બહાર પાડી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. કેન્દ્ર સરકારે 2021-22 થી 2025-26 દરમિયાન અમલીકરણ માટે આ યોજનાને મંજૂરી આપી છે.
2. આ યોજનાનો ઉદ્દેશ્ય પોષણ સામગ્રી અને વિતરણમાં વ્યૂહાત્મક ફેરફારો લાવીને સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો, કિશોરીઓમાં કુપોષણના પડકારોનો સામનો કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

## ભારતના નવા CVC તરીકે શ્રી સુરેશ એન પટેલની નિમણૂક



ભારતના નવા Chief Vigilance Commissioner (CVC) અથવા તો Central Vigilance Commission (CVC)ના વડા તરીકે શ્રી સુરેશ એન પટેલની નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ શ્રી સુરેશ એન પટેલને શપથ અપાવ્યા હતા.
- શ્રી સુરેશ એન પટેલ આંધ્રબેંકના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર છે.
- તેમને એપ્રિલ 2020માં તકેદારી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને 24 જૂન, 2022થી કાર્યકારી CVC તરીકે સેવા આપી રહ્યા હતા.

નોંધ : (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણના આધારે રાષ્ટ્રપતિ દ્વારા શ્રી સુરેશ એન પટેલની નિમણૂક કરવામાં આવી છે.

(2) આ અગાઉ શ્રી સંજય કોઠારી 23 જૂન, 2021ના રોજ નિવૃત થયા હતા.

### Central Vigilance Commission

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) એ ભારત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ સંબંધિત ભ્રષ્ટાચારને નિયંત્રિત કરતી ભારતની સર્વોચ્ચ સંસ્થા છે.

- શ્રી કે. સંથાનમ સમિતિની ભલામણથી ભારતમાં 11 ફેબ્રુઆરી, 1964ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- CVC એ ભારતની વૈધાનિક દરજ્જો ધરાવતી સંસ્થા છે.
- વર્ષ 2003માં સંસદમાં એક એક્ટ પસાર કરીને આ સંસ્થાને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો.

### CVCના સભ્યો

સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના સભ્યોમાં એક અધ્યક્ષ અને અન્ય બે સભ્યોનો સમાવેશ થાય છે.

- એટલે કે એક ચીફ વિજિલન્સ કમિશનર અને અન્ય બે વિજિલન્સ કમિશનરનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CVCના સભ્યોની નિમણૂક

ભારતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના અધ્યક્ષ તથા સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ત્રણ સભ્યોની એક સમિતિની ભલામણથી કરવામાં આવે છે.

- આ સમિતિના ત્રણ સભ્યોમાં નીચેના વ્યક્તિઓનો સમાવેશ થાય છે :

 (1) ભારતના વડાપ્રધાન

 (2) ભારતના ગૃહમંત્રી અને

 (3) લોકસભાના વિરોધ પક્ષના નેતા

- જેમાં ભારતના વડાપ્રધાન આ સમિતિના અધ્યક્ષ હોય છે.

## CVCના સભ્યોનો કાર્યકાળ

ભારતમાં CVCના અધ્યક્ષ તથા સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે હોય છે.

- કાર્યકાળ પૂરો થયા બાદ CVCના અધ્યક્ષ કે સભ્યો કેન્દ્ર અથવા તો રાજ્ય સરકારના કોઈ પદ પર હોદ્દો સંભાળી શકતા નથી.

નોંધ :(1) ભારતમાં ચીફ વિજિલન્સ કમિશનરનો પગાર UPSCના અધ્યક્ષ જેટલો જ હોય છે.

(2) ભારતના પ્રથમ ચીફ વિજિલન્સ કમિશનર શ્રી એન. એસ. રાવ (Shri Nittoor Srinivasa Rau) હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં ફરી નવી 10 રામસર સાઈટ્સ



કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર તમિલનાડુમાંથી 6 નવી આદ્રભૂમિ (વેટલેન્ડ) અને કર્ણાટક, ગોવા, મધ્યપ્રદેશ અને ઓડિશામાંથી 1-1 ને 'આંતરરાષ્ટ્રીય મહત્વની આદ્રભૂમિ' તરીકે રામસરની માન્યતા મળી છે.

- 10 સાઈટના ઉમેરા સાથે સમગ્ર દેશમાં રામસર સાઈટની કુલ સંખ્યા 64 થઈ ગઈ છે.
- નોંધનીય છે કે જુલાઈ, 2022માં પણ નવી 5 રામસર સાઈટનો સમાવેશ કર્યા હતો.

## નવી ઉમેરવામાં આવેલી રામસર સાઈટ

| ક્રમ | રામસર સાઈટ | સંબંધિત રાજ્ય | વિશેષતા |
|---|---|---|---|
| 1 | કૂનથનકુલમ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – તે માનવસર્જિત વેટલેન્ડ છે. તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લામાં સ્થિત છે.<br>– તે દક્ષિણ ભારતમાં નિવાસી અને સ્થળાંતર કરનારા જળ પક્ષીઓના સંવર્ધન માટેનું સૌથી મોટું અનામત છે. |
| 2 | મન્નાર મરીન બાયોસ્ફિયર રિઝર્વની ખાડી | તમિલનાડુ | – તે દક્ષિણ અને દક્ષિણ–પૂર્વ એશિયામાં પ્રથમ બાયોસ્ફિયર રિઝર્વ છે. |
| 3 | વેમ્બનુર આદ્રભૂમિ કોમ્પ્લેક્સ | તમિલનાડુ | – તે માનવસર્જિત અંતર્દેશીય તળાવ છે.<br>– તે દ્વિપકલ્પીય ભારતના દક્ષિણ છેડે સ્થિત છે.<br>– તે મહત્વપૂર્ણ પક્ષીઓ અને જૈવવિવિધતા વિસ્તારનો ભાગ છે.<br>– તે બર્ડલાઈફ ઈન્ટરનેશનલ ડેટાઝોનનો પણ ભાગ છે. |
| 4 | વેલોડ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – તે તમિલનાડુ રાજ્યના ઈરોડ જિલ્લામાં સ્થિત છે. |
| 5 | વેદંતંગલ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – તે તમિલનાડુના સૌથી જૂના પક્ષી–સંરક્ષિત વિસ્તારમાંનો એક છે. |
| 6 | ઉદયમાર્થદપુરમ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ | – આ સ્થળ વોટરફોલની ઘણી પ્રજાતિઓ માટે એક મહત્પૂર્ણ સ્થળ અને સંવર્ધન સ્થળ છે. |
| 7 | સાત કોસિયા ગોર્જ | ઓડિશા | – તે મહાનદીના ઉપરના ભાગમાં ભવ્ય ખીણ સાથે ફેલાયેલ છે. |
| 8 | નંદા તળાવ | ગોવા | – સ્થાનિક સમુદાયો અને સમાજ માટે તેની ઈકોસિસ્ટમ સેવાઓ અને જૈવવિવિધતા મૂલ્યો માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. |
| 9 | રંગનાથિટ્ટ પક્ષી અભયારણ્ય | કર્ણાટક | – બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી દ્વારા કર્ણાટક અને ભારતમાં એક મહત્વપૂર્ણ પક્ષી વિસ્તાર તરીકે સૂચિબદ્ધ છે. |
| 10 | સિરપુર વેટલેન્ડ | મધ્યપ્રદેશ | – તે પાણીનો મહત્વનો સ્ત્રોત છે અને ડાઉનસ્ટ્રીમ વિસ્તારોમાં ભૂગર્ભજળને રિચાર્જ કરવામાં મદદ કરવા જેવી મહત્વપૂર્ણ ઈકોલોજીકલ સેવાઓ પૂરી પાડે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) રામસર સંમેલન હેઠળ રામસર સ્થળ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી એક આદ્રભૂમિ છે. જે વર્ષ 1971માં યુનેસ્કો દ્વારા સ્થાપિત આંતર–સરકારી પર્યાવરણ સંધિ 'કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ' તરીકે પણ ઓળખાય છે.


(2) અને તેનું નામ ઈરાનના રામસર શહેર પરથી રાખવામાં આવ્યું છે, જ્યાં તે વર્ષે સંમેલન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## શ્રી ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર શ્રી મહેન્દ્ર મેઘાણીનું નિધન

સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીનું ભાવનગર ખાતે 99 વર્ષની વયે નિધન થયું છે.

- ગ્રંથ ગાંધીના નામે જાણિતા શ્રી મહેન્દ્ર મેઘાણીના નિધનથી ગુજરાતના સાહિત્યપ્રેમીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

### શ્રી મહેન્દ્ર મેઘાણી



- જન્મ : 20 જૂન, 1923
- જન્મ સ્થળ : મુંબઈ
- બિરુદ : ગુજરાતીના ઉત્તમ પુસ્તકોના પ્રચારક
- પિતા : શ્રી ઝવેરચંદ મેઘાણી
- માતા : ચિત્રાબેન
- અભ્યાસ : પ્રાથમિક/માધ્યમિક–ભાવનગર
  1942 – અમદાવાદ કોલેજ ઓફ એજ્યુકેશનના બે વર્ષ
  1948 – પત્રકારત્વના અભ્યાસ માટે કોલંબિયા યુનિવર્સિટીમાં

### શ્રી મહેન્દ્ર મેઘાણીની કૃતિઓ

અડધી સદીની વાચનયાત્રા ભાગ– 1 થી 4 (સંપાદન), વિક્ટર હ્યુગોના પુસ્તકો, કોનટિકિ, સાત વર્ષ તિબેટમાં (અનુવાદ લેખો).

નોંધ : (1) શ્રી મહેન્દ્ર મેઘાણીએ 'મિલાપ' નામનું સામયિક શરૂ કર્યું હતું.

(2) શ્રી મહેન્દ્ર મેઘાણીએ ભાવનગર ખાતે 'લોકમિલાપ ટ્રસ્ટ'ની સ્થાપના કરેલ છે. તથા તેમણે 'ફિલ્મ મિલાપ' પણ શરૂ કર્યું હતું.

(3) 'અડધી સદીની વાચનયાત્રા' લેખમાળાની ઓછા સમયમાં નજીવા ભાવે અનેક નકલો વેચીને ખૂબ નામના મેળવી હતી.

(4) અનુવાદો પુસ્તકોના સંક્ષેપ અને સંપાદનોના કાર્ય માટે તેઓ ગુજરાતી સાહિત્યમાં અનોખુ સ્થાન ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી કે.વી.ચૌધરી (B) શ્રી સુરેશ એન. પટેલ
(C) શ્રી સુરેશ ત્રિપાઠી (D) શ્રી શરદ કુમાર (B)

2. ભારતના નવા ચીફ વિજિલન્સ કમિશનર (CVC) તરીકે શ્રી સુરેશ એન. પટેલને કોણે શપથ અપાવ્યા હતા ?
(A) શ્રીમતી દ્રોપદી મુર્મુ (B) શ્રી એન.વી.રમન્ના
(C) શ્રી અરવિંદ કુમાર (D) શ્રી વેંકૈયા નાયડુ (A)

3. તાજેતરમાં 'કૂનથનકુલમ પક્ષી અભયારણ્ય'નો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) તમિલનાડુ (B) ઓડિશા (C) કેરળ (D) ત્રિપુરા (A)

4. તાજેતરમાં 'મન્નાર મરીન બાયોસ્ફિયર રિઝર્વની ખાડી'ને રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) મધ્યપ્રદેશ (B) ગોવા (C) રાજસ્થાન (D) તમિલનાડુ (D)

5. તાજેતરમાં 'વેલોડ પક્ષી અભયારણ્ય'ને રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયાં રાજ્યમાં સ્થિત છે ?
(A) મધ્યપ્રદેશ (B) તમિલનાડુ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ (B)

6. તાજેતરમાં રામસર સાઈટમાં સમાવિષ્ટ સ્થળ 'નંદા તળાવ' કયા રાજ્યમાં આવેલ છે ?
(A) મણિપુર (B) ગોવા (C) મધ્યપ્રદેશ (D) સિક્કિમ (B)

7. તાજેતરમાં શ્રી ઝવેરચંદ મેઘાણીના પુત્ર શ્રી મહેન્દ્ર મેઘાણીનું નિધન થયું છે. તેમનો જન્મ કયાં અને કયા વર્ષે થયો હતો ?
(A) જૂન 1923, મુંબઈ (B) જૂન 1923, ચોટીલા
(C) જૂન 1923, વડોદરા (D) જૂન 1923, અમદાવાદ (A)

8. શ્રી મહેન્દ્ર મેઘાણી સંદર્ભે કયું વિધાન સાચું છે ?
(A) તેઓ ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર છે.
(B) તેઓ 'ગુજરાતીના ઉત્તમ પુસ્તકોના પ્રચારક' તરીકે જાણિતા હતા.
(C) તેમણે ભાવનગર ખાતે 'લોક મિલાપ ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી.
(D) ઉપરોક્ત તમામ સાચા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 06 ઓગસ્ટ, હિરોશિમા દિવસ (Hiroshima Day)

જાપાન સહિત વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 6 ઓગસ્ટ, 1945ના રોજ જાપાનના હિરોશિમા નામના શહેર પર અમેરિકાએ અણુ બોમ્બથી હુમલો કર્યો હતો.
- જેમાં હુમલાની માત્ર 1 મિનિટમાં હિરોશિમાનો 80 ટકા હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2022માં જાપાન દ્વારા આ ઘટનાની 77મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે.

નોંધ : (1) હિરોશિમા થયેલા અણુ હુમલાના 3 દિવસ બાદ 9 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ જાપાનના નાગાસિકી નામના બીજા શહેર પર અણુબોમ્બથી હુમલો કર્યો હતો.

(2) અણુબોમ્બને હિન્દીમાં પરમાણુ બોમ્બ તરીકે ઓળખવામાં આવે છે.

## એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM)

તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ સ્વદેશી રીતે વિકસિત લેસર–ગાઈડેડ એન્ટી–ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.



### લેસર-ગાઈડેડ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM)

### ટેન્ક વિરોધી માર્ગદર્શિત મિસાઈલ

ATGM મુખ્યત્વે ભારે સશસ્ત્ર સૈન્ય વાહનોને શૂટ કરવા અને નાશ કરવા માટે રચાયેલ છે.

- મિસાઈલો એક સૈનિક દ્વારા મોટા ત્રિપોડ–માઉન્ટેડ શસ્ત્રો સુધી લઈ જઈ શકાય છે, જેમાં વાહન અને એરક્રાફ્ટ માઉન્ટેડ મિસાઈલ સિસ્ટમને પરિવહન અને ફાયર કરવા માટે એક ટૂકડી અથવા ટીમની જરૂર પડે છે.
- આવી માર્ગદર્શિત મિસાઈલો ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ ઈમેજર (IIR) સીકર, લેસર અથવા W- બેન્ડ રડાર સીકર પર આધાર રાખે છે. તે 'ફાયર–એન્ડ–ફોર્ગેટ' મિસાઈલો છે.

## લેસર-ગાઈડેડ ATGM

તમામ સ્વદેશી લેસર ગાઈડેડ ATGM 'વિસ્ફોટક પ્રતિક્રિયાશિલ કવચ' (Explosive Reactive Armor-ERA) સંરક્ષિત બખ્તરબંધ વાહનોને નષ્ટ કરવા માટે ટેન્ડમ હાઈ એક્સપ્લોઝિવ એન્ટિ–ટેન્ક (HEAT) વોરહેડનો ઉપયોગ કરે છે.

- ATGM મલ્ટિ–પ્લેટફોર્મ લોન્ચ ક્ષમતા સાથે વિકસાવવામાં આવી છે અને હાલમાં MBT અર્જુન 120 mm રાઈફલ્ડ ગન ટેકનિકલ મૂલ્યાંકન પરીક્ષણમાંથી પસાર થઈ રહી છે.

## અન્ય ટેન્ક વિરોધી મિસાઈલો

| મિસાઈલ | વિશેષતા |
|---|---|
| હેલેના | – તે સાત કિલોમીટરની મહત્તમ રેન્જ ધરાવે છે અને તેને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (HAL)ના વેપનાઈઝ્ડ વર્ઝન સાથે એકીકરણ માટે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.<br>– મિસાઈલ સિસ્ટમ દિવસ અને રાત્રીના કોઈપણ સમયે લોન્ચ કરી શકાય છે અને પરંપરાગત બખ્તર અને વિસ્ફોટક પ્રતિક્રિયાશિલ કવચ સાથે યુદ્ધ ટેન્કોને મારવા સક્ષમ છે. |
| નાગ | – તે ત્રીજી પેઢીની એન્ટિ–ટેન્ક મિસાઈલ છે. જે ફાયર એન્ડ ફોર્ગેટના સિદ્ધાંત પર આધારિત છે.<br>– તે દુશ્મનની ટેન્ક પર હુમલો કરવા માટે વિકસાવવામાં આવી છે. |
| MPATGM | – તે 2.5 કિ.મીની રેન્જ સાથે મેન–પોર્ટેબલ એન્ટી–ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.<br>– જેમાં પાયદળના ઉપયોગ માટે ફાયર એન્ડ ફોર્ગેટ તથા ટોપ અટેક ક્ષમતા છે. |
| SANT | – તે એક સ્માર્ટ સ્ટેન્ડ ઓફ એન્ટી–ટેન્ક મિસાઈલ છે.<br>– જેને એરફોર્સના ટેન્ક વિરોધી મિશન માટે Mi 35 હેલિકોપ્ટરથી લોન્ચ કરવા માટે વિકસાવવામાં આવી છે. |
| અર્જુન મેઈન બેટલ ટેન્ક (MBT) 'MK-1A' | – અર્જુન મુખ્ય યુદ્ધ ટેન્ક એ લેસર માર્ગદર્શિત, સ્ટીક માર્ગદર્શિત યુદ્ધ સામગ્રી છે.<br>– આમા વિદેશી રીતે વિકસિત 120 mm રાઈફલ અને આર્મર પિયર્સિંગ ફિન–સ્ટેબિલાઈઝ્ડ ડિસ્ટ્રક રોબોટ (FSAPDS) મ્યુનિશનનો સમાવેશ થાય છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીમદ રાજચંદ્ર મિશનની યોજનાઓનો શિલાયન્સ કર્યો



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર મિશન હેઠળ વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાપર્ણ અને શિલાયન્સ કર્યો હતો.

- આ પ્રોજેક્ટ 4 ઓગસ્ટ, 2022ના રોજ લોન્ચ કરવામાં આવ્યા હતા.

## પ્રોજેક્ટ

### શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- આ 250 બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ છે, જે 200 કરોડના ખર્ચે બનાવવામાં આવી છે.

### શ્રીમદ રાજચંદ્ર વેટેનરી હોસ્પિટલ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીમદ રાજચંદ્ર વેટેનરી હોસ્પિટલનો શિલાયન્સ કર્યો હતો.

- 70 કરોડના ખર્ચે તેનું નિર્માણ થશે.
- આ હોસ્પિટલ પશુ ચિકિત્સકો, સહાયક સ્ટાફ અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.

### શ્રીમદ રાજચંદ્ર સેન્ટર

મહિલાઓ માટે શ્રીમદ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સેલન્સનો શિલાયન્સ પણ કરવામાં આવ્યો હતો.

- 40 કરોડના ખર્ચે તેનું નિર્માણ થશે.
- જેમાં 700થી વધુ આદિવાસી મહિલાઓને રોજગાર મળશે અને હજારો લોકોને રોજીરોટી મળશે.

નોંધ : (1) શ્રીમદ રાજચંદ્રનો જન્મ મોરબીના વવાણિયા ખાતે થયો હતો.

(2) તેઓ શતાવધાની હતા એટલે કે 100 ક્રિયાઓને એક ધ્યાને કરી શકતા હતા.

(3) શ્રીમદ રાજચંદ્ર ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતા.

(4) તેઓ સાક્ષાત્ સરસ્વતી તરીકે પ્રસિદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 'હિરોશિમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ — (B)

**2.** તાજેતરમાં DRDOએ સ્વદેશી રીતે વિકસિત 'લેસર–એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ' (ATGM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તમામ સ્વદેશી લેસર, ગાઈડેડ ATGM 'વિસ્ફોટ પ્રતિક્રિયાશિલ કવચ' સંરક્ષિત બખ્તરબંધ (કવચથી બંધ) વાહનોને નષ્ટ કરવા માટે ટેન્ડમ હાઈ એક્સપ્લોઝિવ એન્ટિ–ટેન્ક (HEAT) વોરહેડનો ઉપયોગ કરે છે.
2. ATGM મુખ્યત્વે ભારે સશસ્ત્ર સૈન્ય વાહનોને નષ્ટ કરવા રચાયેલા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું

(C) 1 અને બંને 2 સાચા (D) 1 અને બંને 2 ખોટા — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**3.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કયા સ્થળે શ્રીમદ રાજચંદ્ર મિશનની યોજનાઓનો શિલાયન્સ અને લોકાપર્ણ કર્યુ છે ?

(A) ધરમપુર (B) મોરબી (C) પાટણ (D) ઈડર — (A)

**4.** શ્રીમદ રાજચંદ્ર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેમનો જન્મ મોરબીના વવાણિયા ખાતે થયો હતો.

(B) તેઓ ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતા.

(C) તેઓ સાક્ષાત સરસ્વતી તરીકે પ્રસિદ્ધ હતા.

(D) ઉપરોક્ત તમામ સાચા — (D)

# ONE LINER

## ગુજરાત

➤ **રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાનનો સુરત ખાતેથી શુભારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાનનો સુરત ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદીના 75 વર્ષની ઉજવણી અવસરે રાષ્ટ્રભાવના સાથે ઉજવણી અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનના ભાગરૂપે સુરતના પીપલોદ ખાતે આયોજિત 'તિરંગા પદયાત્રા'ને તિરંગો લહેરાવી પ્રસ્થાપન કરાવ્યું હતું. સાથોસાથ મુખ્યમંત્રી શ્રી તિરંગા પદયાત્રામાં શહેરીજનો સાથે પગપાળા ચાલીને સહભાગી થયા હતા. રાજ્યની 8 મહાનગરપાલિકામાં 4 થી 12 ઓગસ્ટ દરમિયાન રાજ્યવ્યાપી તિરંગા પાદયાત્રાનું આયોજન થયું હતું.

## ભારત

➤ **કાલી બેન (Kali Bein) નદી**

તાજેતરમાં પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માનએ સુલતાનપુર લોધીમાં પવિત્ર 'કાલી બેન' (Kali Bein) નદીમાંથી એક ગ્લાસ પાણી પીધા બાદ બીમાર પડતા તેમને હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા. કાલી બેન 165 કિમી લાંબી નાની નદી (નાળા– Rivulet) છે. જે પંજાબમાં હોશિયાપુરથી શરૂ થાય છે અને કપૂરથલા ખાતે બિયાસ અને સતલજ નદીઓના સંગમને મળે છે. તેને કાલી નાળા નદી તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તેમાં લગભગ 80 ગામડાઓ અને અડધા ડઝન નાના–મોટા શહેરોને કચરો વહે છે. શીખ ધર્મ અને તેના ઈતિહાસમાં આ નદીનું ખૂબ મહત્વ છે. એવુ કહેવાય છે કે શીખ ધર્મના પ્રથમ ગુરુ 'ગુરુ નાનક' દેવને અહીં જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

➤ **જવાહરલાલ નહેરુ બંદર**

તાજેતરમાં જવાહરલાલ નહેરુ પોર્ટ 100% લેન્ડલોર્ડ મોડલ સાથે ભારતનું પ્રથમ મોટું બંદર બન્યુ છે. જેમાં તમામ બર્થ પબ્લિક–પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ પર કાર્યરત છે. જવાહરલાલ નહેરુ પોર્ટ નવી મુંબઈમાં આવેલું છે, જે ભારતમાં કન્ટેનર હેન્ડલિંગ પોર્ટ છે, જેમાં ભારતના મુખ્ય બંદરોમાં કુલ કન્ટેનરાઈઝ્ડ કાર્ગો વોલ્યુમના લગભગ 50% છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **IIT મદ્રાસ ભારતીય ભાષાઓ માટે ઓપન સોર્સ AI બનાવશે**

ભારતીય ભાષાઓ માટે ઓપન–સોર્સ AI બનાવવા માટે 'AI4Bharat ખાતે નિલેકણી સેન્ટર' 29 જુલાઈ, 2022ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. તે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મદ્રાસ (IIT) દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. AI4Bharat ખાતે નિલેકણી સેન્ટર ભારતીય ભાષાની ટેકનોલોજીને આગળ વધારવા માટે કામ કરશે. AI4Bharat એ IIT મદ્રાસની પહેલ છે. ભારતીય ભાષાઓ માટે ઓપન સોર્સ લેંગ્વેજ AI બનાવવાની શરૂઆત કરવામાં આવી હતી.

➤ **ગૂગલ મેપ્સે ભારતમાં 'સ્ટ્રીટ વ્યૂ' સેવા શરૂ કરી**

તાજેતરમાં ગૂગલ મેપ્સે બે સ્થાનિક કંપનીઓ 'Genesys International' અને 'Tech Mahindra' સાથે મળીને ભારતના 10 શહેરોમાં તેની 'સ્ટ્રીટ વ્યૂ સર્વિસ' શરૂ કરી છે. અગાઉ સરકારે સુરક્ષાના કારણોને હાઈલાઈટ કરીને રસ્તાઓ અને અન્ય સાઈટ્સની પેનોરમિક ઈમેજ બતાવવાની મંજૂરી આપી ન હતી. આ સેવા માટે ભારતના દસ શહેરોમાં 1,50,000 કિમીથી વધુ વિસ્તારને આવરી લેતા સ્થાનિક ભાગીદારો પાસેથી નવી ઈમેજોનું લાયસન્સ આપવામાં આવ્યું છે. આ દસ શહેરોમાં બેંગ્લુરુ, દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, પુણે, નાસિક, હૈદરાબાદ, વડોદરા, અમૃતસર અને અહેમદનગરનો સમાવેશ થાય છે. ગૂગલ 2022ના અંત સુધીમાં 50થી વધુ શહેરોમાં સેવાઓનો વિસ્તાર કરવાની યોજના ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નેશનલ ઈ-ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ**

તાજેતરમાં કેન્દ્ર સરકારના મંત્રાલયોના નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ (NeSDA)માં ગૃહમંત્રાલયની વેબસાઈટને કેન્દ્રીય મંત્રાલયના સેવા પોર્ટલમાં પ્રથમ સ્થાન અને ડિજિટલ પોલિસ પોર્ટલને બીજું સ્થાન મળ્યુ છે. નાગરિકોને ઓનલાઈન સેવાઓની ડિલિવરીમાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારની અસરકારતામાં સુધારો કરવાના હેતુથી આ એક સામયિક મૂલ્યાંકન છે. તે કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે.

➤ **ભારતમાં શેરડી અને ખાંડ ઉદ્યોગ માટે FRP**

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ખાંડની સિઝન 2022-23 (ઓક્ટોબર–સપ્ટેમ્બર) માટે શેરડીના વાજબી અને વળતરયુક્ત ભાવ (FRP)માં ક્વિન્ટલ દીઠ રૂ. 15નો વધારો કર્યો છે. ખાંડની 10.25 ટકા વસૂલાત માટે દર 0.1 ટકાના વધારા માટે રૂ. 3.5 ક્વિન્ટલનું પ્રીમિયમ ઉપલબ્ધ થશે અને રિકવરીમાં દર 0.1 ટકાના ઘટાડા માટે રૂ. 3.05 ના દરે વાજબી અને મહેનતાણુ કિંમત (WRP)માં ઘટાડો થશે. શેરડીના ભાવ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

- **મુંબઈમાં ચાબહાર દિવસ કોન્ફરન્સ યોજાઈ**

  તાજેતરમાં ચાબહાર દિવસ સંમેલન મુંબઈમાં શ્રી સર્બાનંદ સોનવાલ (કેન્દ્રીય વહાણવાટા મંત્રી) અને શ્રી શ્રીપદ નાઈક (શિપિંગ રાજ્યમંત્રી) દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન સમારોહમાં કઝાકિસ્તાન, ઈરાન, તાજિકિસ્તાન, કિર્ગીસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને અફઘાનિસ્તાનના મહાનુભવોએ હાજરી આપી હતી. ભારત અને ઈરાને મે, 2016માં દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જેમાં ભારત શાહિદ બેહશતી બંદર પર બર્થ પર બર્થ રિન્યૂ કરવા સંમત થયું હતું. ભારત આ બંદર પર 600 મીટર લાંબા કન્ટેનર હેન્ડલિંગ ફેસેલિટીનું પુનઃનિર્માણ કરવા સંમત થયું છે. ઓક્ટોબર 2017માં ભારતે ચાબહાર બંદર દ્વારા ઘઉંનો પહેલો માલ અફઘાનિસ્તાન મોકલ્યો હતો. ચાબહાર પોર્ટના વિકાસ માટે ભારત, ઈરાન અને અફઘાનિસ્તાને 2016માં ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ચાબહાર બંદર ઓમાનની ખાડીમાં આવેલું છે. તે એકમાત્ર ઈરાની બંદર છે જે હિંદ મહાસાગરમાં સિધો પ્રવેશ ધરાવે છે.

- **ભારતમાં મંકીપોક્સની સ્થિતિ પર નજર રાખવા માટે ટાસ્ક ફોર્સની રચના**

  કેન્દ્ર સરકારે દેશમાં મંકીપોક્સની સ્થિતિ પર નજર રાખવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. મંકીપોક્સથી સંબંધિત પ્રથમ મૃત્યુની જાણ થયા પછી તે બનાવવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સ ભારતમાં નિદાન સુવિધાઓના વિસ્તરણ અને રોગ માટે રસીકરણની શોધ અંગે સરકારને માર્ગદર્શન પૂરું પાડશે. આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડો. વી.કે.પોલ કરશે. અન્ય સભ્યોમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અને ફાર્મા અને બાયોટેકના સભ્યોનો સમાવેશ થાય છે.

- **આસામનું 'મિશન ભૂમિપુત્ર'**

  તાજેતરમાં આસામના મુખ્યમંત્રી ડો. હિમંત બિસ્વા સરમાએ 'મિશન ભૂમિપુત્ર'નું અનાવરણ કર્યું હતું. આ મિશન હેઠળ વિદ્યાર્થીઓને સરળ અને ડિજિટલ રીતે ડિજિટલ જાતિ પ્રમાણપત્રો આપવામાં આવશે. તેનો અમલ આદિજાતિ બાબતો અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવશે. 'મિશન ભૂમિપુત્ર' લોકોને સરળ અને જાહેર સેવા આપવાના સરકારના મિશનને ચાલુ રાખશે. આ અંતર્ગત સરકાર દ્વારા બે પિલર બનાવવામાં આવશે. આ મિશન જાતિ પ્રમાણપત્ર આપવાની મેન્યુઅલ સિસ્ટમને દૂર કરશે.

- **ઈન્ડિયન ઓઈલ અને NTCAએ 'પ્રોજેક્ટ ચિત્તા' માટે MoU પર હસ્તાક્ષર કર્યા**

  તાજેતરમાં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ 'પ્રોજેક્ટ ચિતા' હેઠળ આફ્રિકાથી ચિત્તાઓને ભારતમાં સ્થળાંતરિત કરવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા. આ MoUના ભાગરૂપે IOC ચાર વર્ષના સમયગાળામાં આ પ્રોજેક્ટ માટે રૂ. 50.22 કરોડની ગ્રાન્ટ આપશે. ઈન્ડિયન ઓઈલ તેની કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ ભંડોળ પૂરું પાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **CAATSA પ્રતિબંધો સામે ભારતને મુક્તી**

યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે એક સુધારો પસાર કર્યો છે, જે CAATSA પ્રતિબંધો સામે ભારતની મુક્તિને મંજૂરી આપે છે. આનાથી ભારતને CAATSA પ્રતિબંધો હેઠળ રશિયા પાસેથી S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની છૂટ મળે છે. CAATSAનો અર્થ 'Countering America's Adversaries Through Sanctions Act' છે. આ કાયદો યુએસ પ્રશાસનને એવા દેશો પર પ્રતિબંધો લાદવા માટે અધિકૃત કરે છે જે રશિયા પાસેથી મોટા સંરક્ષતા સાધનો ખરીદે છે. યુએસ સરકાર રશિયન સંરક્ષણ અને ગુપ્તચાર ક્ષેત્રો સાથેના વ્યવહારોમાં સામેલ દેશો સામે CAATSA હેઠળ શિક્ષાત્મક પગલા લેવા માટે સ્વતંત્ર છે.

## ICE ? Questions

➤ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ‘હર ઘર તિરંગા’ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કયા સ્થળેથી કરાવ્યો હતો ? – સુરત

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ કાલી બેન (Kali Bein) નદી કયા રાજ્યમાં સ્થિત છે ? – પંજાબ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ જવાહરલાલ નહેરુ બંદર કયાં આવેલું છે ? – નવી મુંબઈ

➤ તાજેતરમાં યુએસ હાઉસ ઓફ રિપ્રઝન્ટેટિવ્સે એક સુધારો પસાર કર્યો છે, જે ...........સામે ભારતની મુક્તિને મંજૂરી આપે છે. – CAATSA

➤ ...........ભારતીય ભાષાઓ માટે ઓપન સોર્સ AI બનાવશે. – IIT મદ્રાસ

➤ તાજેતરમાં કેન્દ્ર સરકારના મંત્રાલયોના ‘નેશનલ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેમેન્ટમાં ...........ને કેન્દ્રીય મંત્રાલયના સેવા પોર્ટલમાં પ્રથમ સ્થાન મળ્યું છે. – ગૃહ મંત્રાલયની વેબસાઈટને

➤ તાજેતરમાં કયા સ્થળે ચાબહાર દિવસ કોન્ફરન્સ યોજાઈ હતી ? – મુંબઈ

➤ ભારતમાં મંકીપોક્સની સ્થિતિ પર નજર રાખવા માટે કોના નેતૃત્વમાં ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ? – ડો. વી.કે.પોલ

➤ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ખાંડની સિઝન 2022-23 માટે શેરડીના વાજબી અને વળતરરૂપ ભાવ (FRP)માં ક્વિન્ટલ દીઠ રૂ. ..........નો વધારો કર્યો છે. – 15

➤ ‘મિશન ભૂમિપુત્ર’ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – આસામ

➤ તાજેતરમાં NTCAએ ................સાથે ‘પ્રોજેક્ટ ચિત્તા’ માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે. – ઈન્ડિયન ઓઈલ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘એક્સપેટ ઈનસાઈડર 2022’ સર્વેમાં માઈગ્રન્ટ્સની બાબતમાં ............ને ટોચના સ્થાને મુકવામાં આવ્યું છે.
– મેક્સિકો

2. તાજેતરમાં ........ના સંશોધકો દ્વારા 'PIVOT'નામનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સાધન વિકસાવવામાં આવ્યું છે. જે PIVOT દર્દીઓમાં કેન્સર પેદા કરતા જનીનોની આગાહી કરવા સક્ષમ છે. – IIT મદ્રાસ

3. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાષ્ટ્રીય સમાચાર ચેનલ આજતકના ડિજિટલ પ્લેટફોર્મ ..........નું લોકાપર્ણ કર્યુ હતું. – ગુજરાત તક

4. ડ્રોન ટેકનોલોજી દ્વારા નેનો યુરિયાના છંટકાવનો કયા સ્થળેથી શુભારંભ થયો છે ?
– ઈસનપુર મોટા ગામથી (ગાંધીનગર)
(સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામથી શુભારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઐતિહાસિક શુભારંભ કરાવ્યો છે.)

5. તાજેતરમાં ...........એ આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન પ્રમુખ પદેથી રાજીનમુ આપ્યું છે. – શ્રી નરિન્દર બત્રા
(શ્રી નરિન્દર બત્રાએ આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધુ છે. તેની સાથે તેમણે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિત (IOC)ના સભ્યપદને પણ છોડ્યું છે.)

6. તાજેતરમાં શરૂ કરાયેલ ‘રિવેમ્પ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કિમ’કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવી છે ?
– કેન્દ્રીય ઊર્જા મંત્રાલય

7. પીચી વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં છે, જ્યાં એક નવી ડેમસેલ્ફલાય પ્રજાતિ (પ્રોટોસ્ટીકા ઓનાલાઈકા) જોવા મળી હતી ? – કેરળ

8. લોજિસ્ટિક્સ ડેટા બેંક (LDB) પ્રોજેક્ટ, જે તાજેતરમાં સમાચારોમાં હતો, તે કયા મંત્રાલય સાથે સંબંધિત છે ?
– વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

9. લોકટક તળાવ ભારતનું સૌથી મોટુ તાજા પાણીનું સરોવર કયા રાજ્યમાં આવેલું છે ? – મણિપુર
(લોકટક તળાવ એ ભારતનું સૌથી તાજા પાણીનું તળાવ છે, જે મણિપુર રાજ્યમાં આવેલું છે. તાજેતરમાં લોકટક ડેવલપમેન્ટ ઓથોરિટીએ લોકટક તળાવ પરના તમામ તરતા ઘરો અને માળખાને દૂર કરવા માટે નોટિસ જારી કરી હતી.)

10. હસ્તકલા ગામ યોજના (The Crafts Village Scheme) કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ?
– કેન્દ્રીય કાપડ મંત્રાલય
(હસ્તકાલા ગામ યોજનાનો ઉદ્દેશ્ય કલસ્ટરોમાં કારીગરો માટે ટકાઉ આજીવિકા વિકલ્પ તરીકે હસ્તકલા વિકસાવવાનો છે. તે 'Linking Textile with Tourism' માટેની પહેલ છે. તેનો હેતુ હસ્તકલા જૂથોને આંતરમાળખાકીય સહાય પૂરી પાડીને હસ્તકલા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. 13 જુલાઈ, 2022ના રોજ કેટલામી અખિલ ભારતીય જિલ્લા કાનૂની સેવા સત્તામંડળની બેઠક યોજાઈ હતી ?

– પ્રથમ

(તેનું અયોજન નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (NALSA) દ્વારા કરવામાં આવ્યું હતું. તેના ઉદ્દ્ઘાટન સત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધિત કર્યુ હતું. મુખ્ય ન્યાયાધીશ એન.વી.રમન્ના અને સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોએ પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે 'રાઈટ ટુ ફ્રી લીગલ એઈડ' પરની ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી.)

12. તાજેતરમાં .............ના વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી ટકાઉ હાઈડ્રોજન ઈંધણ સેલ વિકસાવ્યો છે.

– હોંગકોંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (HKUST)

13. MyGov પ્લેટફોર્મના તાજેતરમાં કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 8

14. કયા રાજ્યએ 'Chief Minister Eqal Education Relief, Assistance and Grant' (Cheerag)યોજના શરૂ કરી છે ? – હરિયાણા

15. ઓગસ્ટ 2022 સુધીમાં કેટલા નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે ? – 75,000

16. તાજેતરમાં શ્રી પિંગલી વેંકૈયાની કેટલામી જન્મ જંયતિ નિમિત્તે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 'તિરંગા ઉત્સવ'નું આયોજન કર્યુ હતું ? – 146

17. તાજેતરમાં અલકાયદાના કયા આતંકવાદી નેતા યુએસ ઓપરેશનમાં ઠાર થયા હતા ? – અયમાન અલ–જવાહરી

18. કયા રાજ્યની ખગોળશાસ્ત્રી વેધશાળાને યુનેસ્કોની મહત્વની લુપ્તપ્રાય હેરિટેજ વેધશાળાઓની યાદીમાં સામેલ કરવામાં આવી છે ? – બિહાર

(એલ.એસ. કોલેજ, મુઝફ્ફરપુર ખાતેની એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરીને યુનેસ્કોની વિશ્વની મહત્વની લુપ્તપ્રાય હેરિટેજ ઓબ્ઝર્વેટિઝની યાદીમાં સામેલ કરવામાં આવી છે. એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરીની જરૂરિયાત સમજ્યા બાદ કોલેજના પ્રોફેસર 1916માં તેનો વિકાસ કર્યો હતો. કેટલાક દાયકાઓ સુધી કામ કર્યા પછી 1995માં તેને સીલ કરવામાં આવ્યું હતું.)

19. લાર્સન એન્ડ ટુબ્રોએ IT અને ITeS ટેકનોલોજી પાર્ક સ્થાપવા માટે કયા રાજ્ય સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ?

– ગુજરાત

20. આવકવેરા વિભાગના TIN 2.0 પ્લેટફોર્મ પર તેના પેમેન્ટ ગેટવે પ્લેટફોર્મને સૂચિબદ્ધ કરનાર ભારતની પ્રથમ બેંક કઈ છે ?

– ફેડરલ બેંક

21. વર્ષ 2022 માટે ફોર્ચ્યુન ગ્લોબલ 500 યાદીમાં કેટલી ભારતીય જાહેર અને ખાનગી કંપનીઓ ઉમેરવામાં આવી છે ?

– 9

(આ યાદીમાં અમેરિકાની વોલમાર્ટ સતત નવમાં વર્ષે પ્રથમ ક્રમે છે. LIC આ યાદીમાં 98માં ક્રમે છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS


G.K ની જમાવટ
ટૂંકી ને ટચ માહિતી દ્વારા
મજબૂત પાયાનું નિર્માણ
દરરોજ સવારે 8:00 વાગ્યે
icerajkot
SKILLS
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS


તલાટીની તડાફડી
પરીક્ષામાં પુછાતા મુદ્દાઓ નું
ટુ ધ પોઇન્ટ વિવરણ
દરરોજ સાંજે 6:30 કલાકે
ICERAJKOT
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS


“તૈયારી જીત કી”
લક્ષ્ય GPSC
દરરોજ બપોરે 4 વાગ્યે GPSCના મહત્વના
વિષયો તલસ્પર્શી અભ્યાસ
icerajkot
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.